# એકમ આયોજન : નમૂનાનો પાઠ

૧. **મુખ્ય એકમ** : એવા રે અમે એવા !

**લેખક :** બકુલ ત્રિપાઠી

૨. **પેટા એકમ :**

**તાસ ૧** : લેખક પરિચય અને લેખકની છેતરાતી વ્યકિત તરીકેની છબી

**તાસ ૨** : છેતરાવાનો પ્રથમ પ્રસંગ - બેકાર દ્વારા

**તાસ ૩** : ભાવ ઠરાવવાની આવડત વિકસાવીને કરેલી ખરીદીનો પ્રસંગ

**તાસ ૪** : લેખકના પોતાની જાત માટેના અભિપ્રાયો

**તાસ ૫:** મૂલ્યાંકન

3. **સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ :**

- **સામાન્ય હેતુ** : વિદ્યાર્થીઓ ભાષા અને સાહિત્યની વિવિધ બાબતોનું જ્ઞાન મેળવે

  **વિ. હેતુ** – વ્યાકરણની કેટલીક સંકલ્પનાઓ જણાવશે.

  - અપરિચિત શબ્દો અને રૂઢિપ્રયોગોના અર્થ જણાવશે
  - હાસ્યનિબંધને સાહિત્ય કૃતિના પ્રકાર તરીકે ઓળખી બતાવે.

- **સામાન્ય હેતુ :** શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે

  **વિ.હેતુ** :- આદર્શ વાંચનનું શ્રવણ કરીને વિષયવસ્તુ જણાવશે

  - પાઠમાં આવતાં સંવાદો સાંભળીને સમજીને ભાવ જણાવશે
  - શ્રવણ દ્વારા મનોરંજન મેળવે
  - વક્તાના વિચારોનું મૂલ્યાંકન કરશે

- **સામાન્ય હેતુ :** કથન દ્વારા અભિવ્યકિત કરે

  **વિ.હેતુ** : - શુદ્ધ ઉચ્ચરણ સાથે આરોહ અવરોહ પૂર્વક બોલે

  - પાઠમાં આવતાં પ્રસંગો પોતાની ભાષામાં રજૂ કરે.
  - પાઠમાં આવતાં સંવાદો રજૂ કરે.
  - લેખકના પોતાની જાત માટેના અભિપ્રાયો જણાવે
  - પ્રશ્નના જવાબ મુદાસર યોગ્ય રીતે આપે

- **સામાન્ય હેતુ** : વાંચન દ્વારા અર્થગ્રહણ કરે

  **વિ.હેતુ** :- પાઠનું વિષયવસ્તુ સમજીને જણાવશે

  - શુદ્ધ ઉચ્ચારણ સાથે આરોહ અવરોહ પૂર્વક વાંચન કરે.

- કૃતિમાં વપરાયેલ શબ્દો વાક્યના વાચ્યાર્થ, લક્ષાર્થ અને વ્યંગ્યાર્થ જણાવે
- વાંચીને આનંદ મેળવે.

➢ **સામાન્ય હેતુ** : લેખન દ્વારા અભિવ્યકિત કરે.

**વિ.હેતુ:**- પાઠના મુખ્ય પ્રસંગો લખીને વ્યક્ત કરે.

- લેખકના પોતાની જાત માટેના પાંચ અભિપ્રાયો લખે
- માન્ય જોડણી અને વિરામચિહ્ન સાથે લખે

➢ **સામાન્ય હેતુ** : વ્યાકરણના જ્ઞાનનું ઉપયોજન કરે

**વિ.હેતુ** :- અપરિચિત શબ્દોનો ઉપયોગ કરી બતાવે

- રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી બતાવે

**૪. વિષયવસ્તુના મુદા:**

**તાસ : ૧** - લેખકનો પરિચય : જન્મ-વતન-વ્યવસાય-હાસ્યનિંબંધ સંગ્રહો

- લેખકની છેતરાતી વ્યકિત તરીકેની છબી
- ફાઉન્ટનપેન, ટેબલ કલોથ વગેરેની ખરીદી
- ટેબલ ખરીદીને લાવ્યા પછીનો પ્રસંગ

**તાસ : ૨** - બેકારનું વર્ણન

- લેખકનું મોરનું ચિત્ર દોરવું
- રબરની જરૂરિયાત
- રબર ખરીદીમાં છેતરાયાનો અનુભવ

**તાસ : ૩** - ભાવ ઠરાવવા માટે મુરબ્બીઓ પાસેથી મેળવેલ જ્ઞાન

- ભાવ ઠરાવવાની બિન આવડત
- પડદાનું કાપડ લેવાં જવું
- ભાવ ઠરાવવો
- ઓછા પનાનું કાપડ ખરીદીને છેતરાવવું

**તાસ : ૪** - લેખકના પોતાની જાત માટેના અભિપ્રાયો

- છેતરાવામાં શરમાવા જેવું નથી
- ઘરમાં ખરાબ વસ્તુની ખરીદીમાં નિમિત્ત પોતે
- પોતાની નબળાઇઓને માફ કરવામાં ઉદાર
- છેતરાવામાં પોતે કીર્તિમાન

- સારો માલ વ્યાજબી ભાવે નથી લાવ્યા અને વ્યાજબી ભાવે સારો માલ નથી લાવ્યા
- પોતાને મફતમાં મળેલી વસ્તુની યાદી દ્વારા ચિંતનાત્મક વિચારોની રજૂઆત

**તાસ : – ૫ – મૂલ્યાંકન**

સમગ્ર એકમ

**૫ : સંકલ્પનાઓ :**

**તાસ : ૧**

| **અપરિચિત શબ્દો** | **અઘરી જોડણી ધરાવતા શબ્દો** |
|---|---|
| - ભમરો | - **વાજબી** |
| - નાદીરશાહ | - **ઉદ્‌ઘાટન** |
| - પ્રતિઘોષ | - **કીર્તિ** |

**તાસ : ૨**

| **અપરિચિત શબ્દો** | **અઘરી જોડણી ધરાવતા શબ્દો** |
|---|---|
| - ટેપેસ્ટ્રી | - અદ્‌ભૂત |
| - સ્તાર્સ | - મિનિટ |
| - અભ્રખચિત | - વિસ્ફારિત |
| - કીર્તિપતાકા | |

**તાસ : ૩**

| **અપરિચિત શબ્દો** | **રૂઢિપ્રયોગ** |
|---|---|
| - ડેલ કોર્નેગી | - વિસ્ફારિત થઇ જવું |
| - પનો | - ખલાસ થઇ જવું |
| - બેધડક | - મોટે ઉપાડે |

**તાસ : ૪**

| **અપરિચિત શબ્દો** | **અઘરી જોડણી ધરાવતા શબ્દો** |
|---|---|
| - ચકભિલ્લુ | - સદ્‌ભાગ્ય |
| - સોગન | - હોંશીલું |

| | |
|---|---|
| | **સમાસનો વિગ્રહ કરો**<br>- મયૂરાસન<br>- ટેબલ ક્લોથ |

**૬. અધ્યાપન પદ્ધતિ અને પ્રયુક્તિ**

- કથનચર્ચા - નાટ્યકરણ

**૭. શૈક્ષણિક સાધનો**

લેખકનો ફોટોગ્રાફ

લેખકની હાસ્ય કોલમ ધરાવતાં વર્તમાનપત્રો

ગાંઠ ધરાવતું લાકડું

બુટ્ટાવાળું નકશીદાર કાપડ

**૮. અધ્યયન પ્રવૃત્તિઓ :**

કથન - શ્રવણ-લેખન-પ્રશ્નોત્તરી-વાંચન-અભિનય

**૯. : મૂલ્યાંકન : નમૂનામાં આપેલ કસોટીપત્ર**

**૧૦. સ્વાધ્યાય**

તાસ : ૧ વર્તમાનપત્રમાંથી લેખકની હાસ્ય કોલમ વાંચો

તાસ :૨ તમે છેતરાયા હોય તેવા બે પ્રસંગ લખીને લાવવા

તાસ : ૩ છેતરાવવાની બાબતમાં તમે તમારી જાત માટે શું માનો છો? દસ વાક્ય લખો

તાસ :૪ જુદી જુદી વ્યક્તિઓ અન્ય વ્યક્તિને કેવી રીતે છેતરે છે ? ત્રણ ઉદાહરણ લખો

**૧૧. સંદર્ભગ્રંથ**

- વર્તમાનપત્રો
- "સચરાચરમાં" અને "સોમવારની સવારે" હાસ્યનિબંધો

**૧૨. કા.પા.કામ**

**તાસ ૧** : .............

**તાસ ૨** : ................

**તાસ ૩** : ................

**તાસ ૪** : ..............

**તાસ ૫**: ................